ખેડૂત ઉપયોગી/વૈજ્ઞાનિક માટે ભલામણ:

બીજ તકનીકી સંશોધન:

1. વૈજ્ઞાનિક સમુદાયને ભલામણ કરવામાં આવે છે કે ખરીફ ઋતુમાં ઉભડી મગફળી પાકવાના સમયે મોડા અને વધુ પડતાં વરસાદને કારણે ખેતરમાં ડોડવામાં દાણા ઉગી જવાથી ઉત્પાદનમાં થતો ઘટાડો ઓછો કરવા માટે, ઉભડી મગફળીની વધુ ઉત્પાદન આપતી નવ જાતોનાં તાજા બીજમાં સુષુપ્તતા (ડોરમન્સી)ની ચકાસણી ખરીફ ઋતુમાં કરવામાં આવેલ અને તેના પરથી જાણવા મળેલ છે કે મગફળીની ટી.જી.-૨૬, ટીપીજી-૪૧ અને જીજી-૬ જાતો વધુ પ્રમાણમાં સુષુપ્તતા (ડોરમન્સી) ધરાવતી હોવાથી તેનું વાવેતર કરવાની ભલામણ કરવામાં આવે છે. (૨૦૧૩)

2. સંકર દિવેલા બીજ ઉત્પાદન કાર્યક્રમ લેતાં ખેડૂતો/ બીજ ઉત્પાદકોને સલાહ આપવામાં આવે છે કે ગુજરાતમાં સંકર દિવેલા બીજ ઉત્પાદનનો કાર્યક્રમ નવા વિસ્તાર તરીકે સુરેન્દ્રનગર જીલ્લામાં લેવામાં આવે તો ફાયદાકારક બીજ ઉત્પાદન લઇ શકાય છે. સારૂ વાતાવરણ, વધુ બીજ ઉત્પાદન અને હેકટરે વધુ આવક મળવાથી સુરેન્દ્રનગર જીલ્લાને સંકર દિવેલા બીજ ઉત્પાદનના નવા વિસ્તાર તરીકે ઓળખવામાં આવેલ છે. (૨૦૧૪)

3. ગુવારનું વાવેતર કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે ચોમાસામાં ગુવારનું વાવેતર ૩૦ X ૧૦ સે.મી.ના અંતરે, જુલાઇ મહીનાના પ્રથમ પખવાડિયામાં કરવાથી વધુ ઉત્પાદન મેળવી શકાય છે. (૨૦૧૫)

4. દરીયાઇ કાંઠાવાળા વિસ્તારોમાં બીજને એમામેક્ટીન બેંજોએટ (૪૦ મીલીગ્રામ/ કિ.ગ્રા.બીજ) અથવા સ્પિનોસેડ (૪.૪ મી.લી/કિ.ગ્રા.બીજ) અથવા ડેલ્ટામેથ્રીન ((૦.૦૪ મી.લી/કિ.ગ્રા.બીજ) નો પટ આપી ભેજપ્રૂફ બેગમાં સંગ્રહ કરવાથી જીવાત સામે ૬ થી ૯ મહીના સુધી સુરક્ષીત સંગ્રહ કરી શકાય છે.(૨૦૧૫).

5. મગફળીના ડોડવા (<૧૦ % ભેજ)ને એમેમેક્ટીન બેન્ઝોએટ (૫ એસજી) @ ૨ પીપીએમ (૪૦ મિલિગ્રામ ૧૫ મિલી પાણી/૧ કિલો ડોડવામાં ભેળવવામાં આવે છે) અથવા સ્પિનોસાડ (૪૫ એસસી) @ ૨ પીપીએમ (૪.૪ મિલિગ્રામ ૧૫ મિલી પાણી/૧ કિલો ડોડવામાં ભેળવવામાં આવે છે) સાથે માવજતથી બીજની ગુણવત્તાને અસર કર્યા વિના આસપાસની સ્થિતિમાં ૬-૯ મહિના સુધી સંગ્રહ દરમિયાન મગફળીના પોડ બોરરનું અસરકારક નિયંત્રણ કરી શકાય છે. (૨૦૧૮)

6. ચણાના બીજમાં બીજ અંકુરણને અસર કર્યા વિના ૬ મહિના સુધી સંગ્રહિત જીવાત નિયંત્રણ માટે એકોરસ કેલમસ TNAU ફોર્મ્યુલેશન @ ૧૦ મિલી/કિલો બીજનો ઉપયોગ કરી શકાય છે. (૨૦૧૯)

7. ૫૦% સીંગ પરિપક્વતા અને પરિપક્વતા અવસ્થાએ ઇમામેક્ટીન બેન્ઝોએટ (૫ SG) @ ૦.૩ મિલી/લીટર અથવા પ્રોફેનોફોસ (૫૦EC) @ ૧ મિલી/લીટર નો પૂર્વ-લણણીનો ઉપયોગથી બોટવાના ઉપદ્રવને નિયંત્રિત કરવા અને સંગ્રહ દરમિયાન અનુગામી પુખ્ત ઉદભવને નિયંત્રિત કરવા માટે કરી શકાય છે (૨૦૧૯).

8. ઇક્કડ પાકમાં ડી.એ.પી. (૨૦ગ્રામ/લીટર પાણી) સાથે ઝીંક સલ્ફેટ (૫ગ્રામ/લીટર પાણી) + બોરીક એસીડ (૩ગ્રામ/લીટર પાણી) + નેપ્થેલીક એસેટીક એસીડ(NAA) (૦.૪ગ્રામ/૧૦લીટર પાણી)નું સૂક્ષ્મ તત્વોનું મિક્ષણ કુલ અવસ્થાએ પર્ણ છંટકાવ કરવાની સાથે સાથે વાવણી પછી ૬૦ દિવસે છોડનો ટોચનો ઉપરનો ભાગ કાપવાથી બીજ ઉત્પાદનમાં વધારો જોવા મળે છે. જેમાં ૧ રૂપિયાના ખર્ચ સામે ૧.૧૮ રૂપિયાનું વળતર મળે છે. (૨૦૨૦)

9. શણ પાકમાં ડી.એ.પી. (૨૦ગ્રામ/લીટર પાણી) સાથે ઝીંક સલ્ફેટ (૫ગ્રામ/લીટર પાણી) + બોરીક એસીડ (૩ગ્રામ/લીટર પાણી) + નેપ્થેલીક એસેટીક એસીડ(NAA) (૦.૪ગ્રામ/૧૦લીટર પાણી)નું સૂક્ષ્મ તત્વોનું મિક્ષણ કુલ અવસ્થાએ પર્ણ છંટકાવ કરવાની સાથે સાથે જયારે છોડની ઉંચાઇ ૯૦ સેમી. થાય ત્યારે છોડનો ટોચનો ઉપરનો ભાગ કાપવાથી બીજ ઉત્પાદનમાં વધારો જોવા મળે છે. જેમાં ૧ રૂપિયાના ખર્ચ સામે ૧.૯૭ રૂપિયાનું વળતર મળે છે. (૨૦૨૦)

10. શતાવરીના પાકમાં ડી.એ.પી. (૨૦ ગ્રામ/લીટર પાણી) સાથે ઝીંક સલ્ફેટ (૫ગ્રામ/લીટર પાણી) + બોરીક એસીડ (૩ગ્રામ/લીટર પાણી) + નેપ્થેલીક એસેટીક એસીડ(NAA) (૦.૪ગ્રામ/૧૦લીટર પાણી)નું સૂક્ષ્મ તત્વોનું મિક્ષણ કુલ અવસ્થાએ પર્ણ છંટકાવ કરવાની સાથે સાથે વાવણી પછી ૩૦ દિવસે છોડનો ટોચનો ઉપરનો ભાગ કાપવાથી બીજ ઉત્પાદનમાં વધારો જોવા મળે છે. જેમાં ૧ રૂપિયાના ખર્ચ સામે ૧.૮૩ રૂપિયાનું વળતર મળે છે. (૨૦૨૦)

11. ખેતરમાં મગને પ્રોફેનોફોસ૫૦ ઇ.સી. ૦.૦૫% (૧૦ મીલી/ ૧૦ લીટર પાણી) અથવા એમેમેક્ટીન બેન્ઝોએટ ૫ એસ.જી. ૦.૦૦૧૫% (૩ ગ્રામ/૧૦ લીટર પાણીમા) ૫૦ અને ૧૦૦% પાકતી મુદતે પાક ઉપર છંટકાવ કરવાથી મગના બિયારણને સંગ્રહ દરમિયાન કઠોળના ભોટવાથી બે મહિના સુધી સુરક્ષિત રાખી શકાય છે. (2020)

12. એરંડાના બીજના નમૂનાના પૃથ્થકરણ કર્યા પછી, જો બીજ નિર્ધારિત ધારા ધોરણોને અનુરૂપ જણાય તો બીજ પ્રમાણન એજન્સીએ અગાઉની માન્યતા અવધિની સમાપ્તિની તારીખથી વધુ છ મહિના માટે અથવા પરીક્ષણની તારીખ, જે વહેલું હોય,તેના આધારે એરંડાના બીજની માન્યતા લંબાવવાની ભલામણ કરવામાં આવે છે. પરંતું એવુ પણ સૂચન કરવામાં આવેલ છે કે એરંડાના પાકમાં પુનઃપ્રમાણીકરણ (II-Revalidation)ની મંજૂરી ફક્ત DAC ની વિશેષ પરવાનગીથી જ આપવામાં આવશે. (૨૦૨૧)

13. પ્રારંભિક પૃથ્થકરણના પરિણામ સમયે મગફળીના બીજની માન્યતા અવધિ પરીક્ષણની તારીખથી છ મહિનાની હોવી જોઈએ. ત્યારબાદ નમૂનાનું પૃથ્થકરણ કર્યા પછી, જો બિયારણ નિર્ધારિત ધારા ધોરણોને અનુરૂપ જણાય, તો બીજ પ્રમાણન એજન્સીએમગફળીના બિયારણની માન્યતા અગાઉની માન્યતા અવધિ અથવા પરીક્ષણની તારીખની સમાપ્તિની તારીખથી જે વહેલું હોય તે મુજબ,વધુ ત્રણ મહિના માટે લંબાવવાની ભલામણ કરવામાં આવે છે.પરંતું એવુ પણ સૂચન કરવામાં આવેલ છે કે મગફળીના બિયારણના પુનઃપ્રમાણીકરણ (II-Revalidation)ની મંજૂરી આપવામાં આવશે નહીં. (૨૦૨૧).

14. ગુજરાતમાં ચણાનો બીજ તરીકે સંગ્રહ કરતા ખેડુતોને ભલામણ કરવામાં આવે છે કે, ચણાને પારદર્શક ૭૦૦ ગેજની પાલ્સ્ટીક્ની કોથળીમાં બીજનો ૫ સે.મી ની જાડાઈનો થર રાખી બીજને ૬ દિવસ (દરરોજની ચાર કલાક, ૧૧.૦૦ થી ૧૫.૦૦ કલાક) સુધી ઉનાળાના સુર્યપ્રકાશમાં તપાવવાથી કઠોળના ભોટવા સામે અસરકારક રક્ષણ મળે છે અને બીજને (૮૫.૦૦% આઈ. એમ. એસ. સી. એસ. લેવલ થી વધારે ઉગાવો) ૯ મહીના સુધી સારી રીતે સંગ્રહ કરી શકાય છે.

સસ્ય વિજ્ઞાન:

1. ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારમાં ઉનાળું સંકર બાજરી ઉગાડતા ખેડૂતોને મહત્તમ ઉત્પાદન તેમજ નફો મેળવવા બાજરાના પાકને ફેબ્રુઆરી મહિનાના બીજા પખવાડિયામાં (૩૦ સે.ગ્રે મહતમ તાપમાન) વાવેતર કરવાની ભલામણ કરવામાં આવે છે. (૨૦૧૪)

2. ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારમાં બાજરી(ચોમાસુ)-ચણા (શિયાળુ) પાક પધ્ધતિ અપનાવતા અને સેન્દ્રીય ખેતીમાં રસ ધરાવતા ખેડૂતોને વધુ નફો મેળવવા તેમજ જમીનની ફળદ્રુપતા જાળવવા દર વર્ષે બાજરાના પાકમાં છાણિયું ખાતર ૭.૫ ટન/હેક્ટર પ્રમાણે આપવાની ભલામણ કરવામાં આવે છે. (૨૦૧૫)

3. ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારમાં ચોમાસાની ઋતુમા સંકર બાજરી ઉગાડતા ખેડૂતોને વધુ ઉત્પાદન અને નફો મેળવવા પ્રતિ હેકટર ૧૦૦ કિ.ગ્રા. નાઇટ્રોજન અને ૩૦ કિ. ગ્રા. ફોસ્ફરસ આપવાની ભલામણ કરવામાં આવે છે. (૨૦૧૫)

4. ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારમા ચોમાસાની ઋતુમા સંકર બાજરી ઉગાડતા ખેડૂતોને ભલામણ કરવામા આવે છે કે બાજરીનુ મહતમ ઉત્પાદન, ચોખ્ખુ વળતર અને દાણાની ગુણવતા સુધારવા માટે ભલામણ કરેલ રાસાયણિક ખાતર (૮૦-૪૦-૦ કિ.ગ્રા. ના.-ફો.-પો./હે.) અને પાંચ ટન /હેકટર છણિયા ખાતર સાથે ઝીંક સલ્ફેટ અને ફેરસ સલ્ફેટ દરેક ૨૦ કિ.ગ્રા./હે.) આપવુ (૨૦૧૫)

5. ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારમાં ચોમાસુ બાજરામાં પાક ઉગ્યા બાદ નીંદામણના અસરકારક નીંદણ નિયંત્રણ માટે એટ્રાઝીન ૦.૪ કિ.ગ્રા.પ્રતિ હેક્ટરે નીંદણ બે પાંદડે થાય ત્યારે છંટકાવ કરવો તથા વાવણી બાદ ૩૫ દિવસે એક હાથ નિંદામણ કરવું, જે એટ્રાઝીન ૦.૫ કિ.ગ્રા.પ્રતિ હેક્ટરે વાવણી બાદ પાક અને નીંદણ ઉગ્યા પહેલા છંટકાવ તથા વાવણી બાદ ૩૫ દિવસે એક હાથ નિંદામણ કરવા જેટલુ જ અસરકારક છે. (૨૦૧૬)

6. ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકિય વિસ્તારમાં અર્ધશિયાળુ ઋતુમાં સંકર બાજરાનું વાવેતર કરતાં ખેડૂતોને મહત્તમ ઉત્પાદન અને નફો મેળવવા બાજરાની વહેલી પાકતી જાત જીએચબી-૫૩૮ નું વાવેતર ઓકટોબર મહિનાના પ્રથમ અઠવાડિયામાં કરવાની ભલામણ કરવામાં આવે છે. (૨૦૧૭)

7. ઉત્તર સૌરાષ્ટ્ર ખેત-આબોહવાકીય વિસ્તારમા બાજરાની સેન્દ્રીય ખેતી અપનાવતાં ખેડૂતોને ભલામણ કરવામા આવે છે કે વધારે ઉત્પાદન અને વળતર મેળવવા, જમીનની ફળદ્રુપતા જાળવવા તેમજ ઉત્પાદનની ગુણવતા

સુધારવા ૧૦ ટન છાણીયું ખાતર પ્રતિ હેકટર આપી બાજરાની જીએચબી-૭૩૨, જીએચબી-૭૪૪ અથવા જીએચબી-૫૩૮ જાતનું વાવેતર કરવું. (૨૦૧૯)

૪. ઉત્તર સૌરાષ્ટ્ર ખેત-આબોહવાકીય વિસ્તારમાં ચોમાસું ઋતુમા બાજરાનું વાવેતર કરતાં ખેડૂતોને ભલામણ કરવામા આવે છે કે, મહતમ ઉત્પાદન અને ચોખ્ખુ વળતર મેળવવા તેમજ જમીનમાં ભેજ ઉપલભ્તા વધારવા માટે વાવેતર સમયે જમીનમા ૨.૫ કિ,ગ્રા. પ્રતિ હેકટર પ્રમાણે હાઇડ્રોજેલ (૩૫૦ µm mesh) આપવો અને વાવેતરના ૩૦ દિવસ બાદ જમીન પર બાજરા પાકના અવશેષોનું આવરણ ૫.૦ ટન પ્રતિ હેકટર પ્રમાણે કરવુ. (૨૦૨૦)

9. ગુજરાતમા ચોમાસુ બાજરાનુ વાવેતર કરતા ખેડૂતોને નીંદણના અસરકારક નિયંત્રણ તથા વધુ ઉત્પાદન અને નફો મેળવવા માટે બાજરાના વાવેતર બાદ ત્રીજા અને પાંચમા અઠવાડીયાએ હાથથી નીંદામણ કરવાની ભલામણ કરવામાં આવે છે. (૨૦૨૧)

10. ચોમાસું બાજરામાં અસરકારક નીંદણ વ્યવસ્થાપન સાથે વધારે ઉત્પાદન અને ચોખ્ખું વળતર ટેમ્બોટ્રીઓન ૪૨% એસ.સી. ૧૨૦ ગ્રામ સક્રિય ઘટક/હે. નો છંટકાવ નીંદણ જયારે ૩-૪ પાનની અવસ્થાએ આવે ત્યારે કરવાથી મેળવી શકાય છે. (૨૦૨૧-વૈજ્ઞાનિક માહીતિ)

11. ઉતર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકિય વિસ્તારમાં સેન્દ્રીય ખેતીમાં ચોમાસુ બાજરાનું વાવેતર કરતાં ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, વધારે ઉત્પાદન અને ચોખ્ખી આવક મેળવવા તેમજ જમીનની તંદુરસ્તી સુધારવા માટે હેકટરે ૫ ટન છાણીયું ખાતર તેમજ અઝોસ્પારીલમ ૨ લી., પીએસબી ૨ લી., કેએસબી ૨ લી., ટ્રાયકોડર્મા હાર્જીયાનમ ૩ કિ.ગ્રા., સ્યુડોમોનસ ફ્લુરોસન્સ ૩ કિ.ગ્રા. તથા બ્યુવેરીયા બાસીયાના ૩ કિ.ગ્રા.થી સમૃધ્ધ કરેલ અળસીયાનું ખાતર ૨ ટન/હે. આપવું. અળસીયાના ખાતરને સમૃધ્ધ કરવા માટે ઉપરના દરેક ઘટકો ભેળવી, પાણીનો છંટકાવ કરી (૨૦% ભેજ) ૧૦ દિવસ બાદ ઉપયોગમાં લેવું. (૨૦૨૩)

12. ઉત્તર સૌરાષ્ટ્ર ખેત-આબોહવાકિય વિસ્તારમાં ચોમાસું બાજરાનું વાવેતર કરતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે, ઓછા જસત ધરાવતી (<૪૦ પીપીએમ) બાજરાની જીએચબી-૭૩૨ જાતના દાણામાં અને ચારામાં જસતનું પ્રમાણ વધારવા માટે વાવેતર સમયે ભલામણ કરેલ ખાતર (૮૦-૪૦-૦૦ ના-ફો-પો કિ.ગ્રા./હે) ઉપરાંત ૨૦ કિ.ગ્રા./હે. ઝીંક સલ્ફેટ વાવેતર સમયે, ૩ ગ્રામ ઝીંક સલ્ફેટ/કિ.ગ્રા. બીજ પ્રમાણે બીજ માવજત તેમજ ૦.૫% ઝીંક સલ્ફેટ સાથે ૦.૨૫% ચુનાના દ્રાવણનાં બે છંટકાવ ફૂટ અવસ્થા અને ફૂલ અવસ્થાએ કરવા. વધારે ઉત્પાદન અને ચોખ્ખી આવક મેળવવા તેમજ બાજરાના દાણા અને ચારાની ગુણવતા સુધારવા માટે વધારે જસત ધરાવતી (>૪૦ પીપીએમ) બાજરાની જીએચબી ૧૨૨૫ જાતનું વાવેતર કરી, ભલામણ કરેલ ખાતર (૮૦-૪૦-૦૦ ના-ફો-પો કિ.ગ્રા./હે.) ઉપરાંત ૦.૫% ઝીંક સલ્ફેટ સાથે ૦.૨૫% ચુનાના દ્રાવણનાં બે છંટકાવ ફૂટ અવસ્થા અને ફૂલ અવસ્થાએ કરવાની ભલામણ કરવામાં આવે છે. (૨૦૨૩)

13. ઉતર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકિય વિસ્તારમાં ઉનાળું બાજરાનું વાવેતર કરતાં ખેડૂતોએ વધારે ઉત્પાદન અને ચોખ્ખી આવક મેળવવા ૪૦ કિ.ગ્રા./ હેકટર નાઈટ્રોજન અને ૬૦ કિ.ગ્રા./હેકટર ફોસ્ફરસ પાયામાં અને ૫૦ કિગ્રા./હેકટર નાઇટ્રોજન વાવેતરના ૨૫ દિવસ બાદ આપવો તેમજ ૨ ટકા યુરીયા દ્રાવણનો છંટકાવ વાવેતર બાદ ૩૦ અને ૪૫ દિવસે કરવાની ભલામણ કરવામાં આવે છે. જે ઉનાળું બાજરામાં વપરાતા નાઈટ્રોજનના જથ્થાને ૧૯ ટકા ઘટાડે છે. (૨૦૨૬)

14. ઉનાળુ બાજરામાં ૩૩.૩૩% RDN (૪૦ કિગ્રા નાઈટ્રોજન/હેક્ટર) પાયાના ખાતર તરીકે અને વાવણીબાદ ૨૫ દિવસે ૪૧.૬૭% RDN (૫૦ કિગ્રા નાઈટ્રોજન/હેક્ટર) આપ્યા બાદ, વાવણી પછીના ૩૦ અને ૪૫ દિવસે નેનો યુરિયા (૪% w/v) ૪ મિ.લી./લિટરનો પાન ઉપર છંટકાવ કરવાથી વધુ દાણા અને ચારાનું ઉત્પાદન મળે છે. (૨૦૨૬-વૈજ્ઞાનિક માહીતિ)

વનસ્પતિરોગશાસ્ત્ર

1. બાજરીમાં આવતા કુતુલ (બાવા) રોગનાં સંકલિત અને અસરકારક નિયંત્રણ માટે ચીટોસન દવા ૨.૫ ગ્રામ/કિલો તથા બેસિલસ પુમ્યુલીસ ૮ ગ્રામ/કિલો અથવા મેટાલેક્ષિલ દવા ૬ ગ્રામ/કિલો પ્રમાણે બીજ માવજત આપવાથી અસરકારક નિયંત્રણ થઇ શકે છે.(AICRP-2015)

2. બાજરીમાં આવતા કુતુલ (બાવા) રોગનાં નિયંત્રણ માટે જુદા જુદા જૈવિક નિયંત્રકો જેવા કે, સ્યુંડોમોનાસ ફ્લુરોસન્સ, બેસિલસ સબટીલીસ, ટ્રાઈકોડરમા વિરીડી, ટ્રાઈકોડરમા હરજીઅનમ ૮ ગ્રામ/કિલો પ્રમાણે તથા નવી ફૂગનાશક અમેટોકટ્રાડીન + ડાઈમેથોમોર્ફ ૦.૪ મિલી/૫૦૦ મિલી પાણી સાથે આપવાથી મહદઅંશે નિયંત્રણ થઈ શકે છે.(AICRP-2017)

3. બાજરામાં આવતા પાનના ટપકાના રોગ (બ્લાસ્ટ) નાં અસરકારક નિયંત્રણ માટે ટ્રીફ્લોક્ષિસ્ટ્રોબિન + ટેબ્યુકોનાઝોલ ૭૫ WG @ ૦.૦૫% પ્રમાણે પ્રથમ છંટકાવ રોગ દેખાય ત્યારે અને બીજો છંટકાવ પ્રથમ છંટકાવના ૧૫ દિવસ બાદ કરતા રોગનો ઉપદ્રવ ઘટે છે તેમજ દાણા અને ચારાનું ઉત્પાદન વધે છે.(AICRP-2017)

4. બાજરીમાં આવતા કુતુલ (બાવા) રોગનાં નિયંત્રણ માટે તથા દાણા અને ચારાના વધુ ઉત્પાદન માટે પીએસબી (ફોસ્ફેટ સોલ્યુંબીલાઈઝિંગ બેક્ટેરિયા) ૮ ગ્રામ/કિલો પ્રમાણે બીજ માવજત આપવાથી અસરકારક નિયંત્રણ થઇ શકે છે.(AICRP-2021)

5. બાજરામાં આવતા પાનનાં ટપકાનાં રોગના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે એઝોક્ષીસ્ટ્રોબીન ૧૧ +ટેબ્યુકોનાઝોલ ૧૮.૩૦ એસસી, ૦.૦૫% (૧૭ મી. લી./૧૦ લીટર પાણી) અથવા ટેબ્યુકોનાઝોલ ૫૦ + ટ્રાઇફ્લોક્સિસ્ટ્રોબિન ૨૫ ડબલ્યુજી, ૦.૦૫% (૬.૬૭ ગ્રામ/૧૦ લીટર) દવાનો પ્રથમ છંટકાવ રોગ દેખાય ત્યારે અને બીજો છંટકાવ પ્રથમ છંટકાવના ૧૫ દિવસનાં અંતરે કરવો.(૨૦૨૪-વૈજ્ઞાનિક)

6. બાજરામાં આવતા પાનનાં ટપકાનાં રોગના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે પ્રથમ છંટકાવ સ્યુડોમોનસ ફ્લુરોસન્સ (૧૦૦ ગ્રામ/૧૦ લીટર પાણી) નો વાવેતરના ૨૦ દિવસે અને બીજો છંટકાવ ટેબ્યુકોનાઝોલ ૫૦ + ટ્રાઇફ્લોક્સિસ્ટ્રોબિન ૨૫ ડબલ્યુજી, ૦.૦૪% (૫.૩૩ ગ્રામ /૧૦ લીટર પાણી) નો વાવેતરના ૩૫ દિવસે કરવો અથવા ટેબ્યુકોનાઝોલ ૫૦ + ટ્રાઇફ્લોક્સિસ્ટ્રોબિન ૨૫ ડબલ્યુજી, ૦.૦૪% (૫.૩૩ ગ્રામ /૧૦ લીટર પાણી)નો છંટકાવ વાવેતરના ૨૦ અને ૩૫ દિવસે કરવો. (૨૦૨૪-વૈજ્ઞાનિક)

7. ગુજરાતમાં ચોમાસું બાજરાનું વાવેતર કરતા ખેડૂતોને કરમોડી (બ્લાસ્ટ) રોગના બી-રાસાયણિક ઢબે અસરકારક વ્યવસ્થાપન માટે ટ્રાઈકોડર્મા હાર્જીયાનમ ૧.૦ વે.પા. (૨ x 10^5 સીએફયુ/ગ્રામ ન્યુનતમ) ૫૦ ગ્રામ/ ૧૦ લીટર પાણીના બે છંટકાવ, પ્રથમ છંટકાવ રોગની શરૂઆત થાય ત્યારે અને બીજો છંટકાવ ૧૫ દિવસ બાદ કરવો. જયારે પાકૃતિક કૃષિમાં કરમોડી રોગના બિન-રાસાયણિક રીતે અસરકારક વ્યવસ્થાપન માટે જીવામૃત ૩% (૩૦૦ મિલિ/૧૦ લીટર પાણીમાં) નાં બે છંટકાવ, પ્રથમ છંટકાવ રોગની શરૂઆત થાય ત્યારે અને બીજો છંટકાવ પ્રથમ છંટકાવનાં ૧૫ દિવસ બાદ કરવાની ભલામણ કરવામાં આવે છે.(૨૦૨૬)

કીટકશાસ્ત્ર:

1. ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારનાં ચોમાસુ બાજરી ઉગાડતા ખેડુતોને ભલામણ કરવામાં આવે છે કે, સાંઠાની માખી તેમજ ગાભમારાની ઈયળના અસરકારક નિયંત્રણ માટે બાજરાના બીજને વાવેતર વખતે થાયોમિથોકઝામ ૩૫ એફ.એસ.(૯.૦ મિલી/કિ.ગ્રા. બીજ; ૩.૧૫ ગ્રામ સ.ત. / કિ.ગ્રા. બીજ) અથવા ઈમિડાક્લોપ્રિડ ૬૦૦ એફ.એસ.(૮.૭૫ મિલી/કિ.ગ્રા. બીજ; ૫.૨૫ ગ્રામ સ.ત. / કિ.ગ્રા. બીજ) નો પટ આપ્યા બાદ પાકના ઉગાવા પછી ૩૦ દિવસે પ્રોફેનોફોસ ૪૦% + સાયપરમેથ્રિન ૪% ૪૪ ઈસી ૦.૦૪૪% (૧૦ મિલી/૧૦ લિટર પાણી; ૨૨૦ ગ્રામ સ.ત. /હેકટર) અથવા કારટેપ હાઈડ્રોક્લોરાઈડ ૫૦ એસ પી ૦.૦૫ % (૧૦ ગ્રામ/૧૦ લિટર પાણી; ૨૫૦ ગ્રામ સ.ત. /હેકટર) અથવા થાયોડીકાર્બ ૭૫ ડબલ્યુ પી ૦.૧૫% (૨ ગ્રામ/૧૦ લિટર પાણી; ૭૫ ગ્રામ સ.ત. /હેકટર) નો છંટકાવ કરવો. આ દવાઓના છેલ્લા છંટકાવ અને કાપણી વચ્ચે ૬૧ દિવસનો સમય ગાળો જાળવવો.(૨૦૧૪)

2. ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારનાં ચોમાસુ બાજરી ઉગાડતા ખેડુતોને ભલામણ કરવામાં આવે છે કે, સાંઠાની માખી તેમજ ગાભમારાની ઈયળના અસરકારક નિયંત્રણ માટે બાજરીના બીજને વાવેતર વખતે ઈમિડાક્લોપ્રિડ ૬૦૦ એફ.એસ. ૮.૭૫ મિલી/કિ.ગ્રા. બીજ (૪.૨૦ ગ્રામ સ.ત. / કિ.ગ્રા.) નો પટ આપવો તેમજ પાકના ઉગાવા બાદ ૩૫ દિવસે ઈમીડાક્લોપ્રીડ ૧૭.૮ એસ.એલ. ૦.૦૦૯% (૫.૦ મિલી/૧૦ લિટર પાણી; ૪૫.૩૯ ગ્રામ સ.ત. /હેકટર) નો છંટકાવ કરવો. આ દવાઓના છેલ્લા છંટકાવ અને કાપણી વચ્ચે ૪૨ દિવસનો સમય ગાળો જાળવવો. (૨૦૧૫)

3. સાંઠાની માખી તેમજ ગાભમારાની ઈયળના અસરકારક નિયંત્રણ માટે બાજરીના બીજને વાવેતર વખતે ઈમિડાક્લોપ્રિડ ૬૦૦ એફ.એસ., ૮.૭૫ મિલી/કિ.ગ્રા. બીજ (૪.૨૦ ગ્રામ સ.ત. / કિ.ગ્રા.) નો પટ આપવો તેમજ પાકના ઉગાવા બાદ ૩૫ દિવસે સ્પીનોસાડ ૪૫ એસ. સી., ૦.૦૦૯%(૨.૦ મિલિ/૧૦ લીટર પાણી) નો છંટકાવ કરવો. આ દવાઓના છેલ્લાછંટકાવઅનેકાપણી વચ્ચે ૪૨ દિવસનો સમય ગાળો જાળવવો (૨૦૧૫)

4. ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના ચોમાસુ બાજરો ઉગાડાતા ખેડુતોને ભલામણ કરવામાં આવે છે કે એચ. એન. પી. વી. ૪૫૦ એલ.ઈ. પ્રતિ હેકટર અથવા બેસીલસ થુરીનજાયેનસીસ ૫% ડબ્લયુ. પી. ૧.૦ કિ.ગ્રા./હે. અથવા બુવેરીયા બાસીયાના ૧.૧૫% ડબ્લયુ. પી. ૨.૦ કિ.ગ્રા./હે. ડુંડાની ઈયળ દેખાય ત્યારે છંટકાવ કરવાથી અસરકારક અને અર્થક્ષમ્ય નિયંત્રણ મળે છે (૨૦૧૮).

5. ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના ચોમાસુ બાજરાની સજીવ ખેતી કરતા ખેડુતોને ભલામણ કરવામાં આવે છે કે સાંઠાની માખી અને ગાભમારાની ઇયળનું અસરકારક અને અર્થક્ષમ્ય નીયંત્રણ માટે બાજરીના વાવેતર બાદ ૩૦ અને ૬૦ દીવસે બુવેરીયા બાસીયાના ૨ X૧૦૬ સી.એફ.યુ./ગ્રામ ૫.૦ ગ્રામ/લીટરનો છંટકાવ કરવો.જ્યારે ડુંડાની ઇયળ હેલીકોવર્પા આરમીજેરાના અસરકારક અને અર્થક્ષમ્ય નીયંત્રણ માટે એચ. એન. પી. વી. ૨૫૦ એલ.ઈ. પ્રતિ હેકટરનો બાજરીના થુલી અવસ્થાએ છંટકાવ કરવો(૨૦૧૯).

6. ઉત્તર સૌરાષ્ટ્ર ખેતઆબોહવાકીય વિસ્તારમાં ચોમાસું બાજરી ઉગાડતા ખેડૂતોને સલાહ આપાવામાં આવે છે કે, બાજરીના બીજને વાવેતર સમયે ઈમિડાક્લોપ્રીડ ૬૦૦ એફ. એએસ., ૮.૭૫ મિ.લી. પ્રતિ કિલો બીજમાવજત આપવી, સાંઠાનીમાખી દ્વારા નુકશાન પામેલ ડુંખો કાઢી લેવી, હેકટરે ૧૦ પ્રમાણે મચ્છીખોરાકનાં પીંજરા મુકવા (મચ્છીખોરાક દર અઠવાડીયે બદલવો), અને પાક ઉગયાના ૩૫ દિવસે ડાઇમેથોએટ ૩૦ ઈ. સી., ૦.૦૩% (૧૦ મી.લી./૧૦ લી. પાણી) છંટકાવ કરવાથી, સાંઠાની માખીનું અસરકારક અને અર્થક્ષમ્ય નિયંત્રણ કરી શકાય છે(૨૦૨૦).

7. બાજરીના બીજને વાવેતર સમયે ઈમિડાક્લોપ્રીડ ૬૦૦ એફ. એસ., ૮.૭૫ મિ.લી. પ્રતિ કિલો બીજમાવજત આપવી, સાંઠાનીમાખી દ્વારા નુકશાન પામેલ ડુંખો કાઢી લેવી, હેકટરે ૧૦ પ્રમાણે મચ્છીખોરાકનાં પીંજરા મુકવા (મચ્છીખોરાક દર અઠવાડીયે બદલવો), અને પાક ઉગયાના ૩૫ દિવસે નોવાલ્યુરોન ૧૦ ઈ.સી. ૦.૦૧%, (૧૦ મી.લી./૧૦ લી. પાણી) નો છંટકાવ કરવાથી ગાભમારાની ઈયળ અને લીલી ઈયળનું ડુંડા અવસ્થાએ ઓછામાં ઓછુ ઉપદ્રવ જોવા મળેલ(૨૦૨૦).

8. ક્લોથાયાનીડીન ૫૦ ડબ્લ્યુ. ડી.જી. @ ૭.૫ ગ્રામ/કિલો બીજ માવજાત અને ત્યારબાદ ૩૫ દિવસે ફીપ્રોનીલ ૫ એસ.સી. ૦.૦૧% (૨૦ મી.લી./૧૦ લી. પાણી) નો છંટકાવ, બાજરીની સાંઠાનીમાખી સામે અસરકારક અને અર્થક્ષમ્ય માલુમ પડેલ. જયારે ક્લોથાયાનીડીન ૫૦ ડબ્લ્યુ. ડી.જી. @ ૭.૫ ગ્રામ/કિલોગ્રામ બીજ માવજાત અને ત્યારબાદ ૩૫ દિવસે ક્લોરાનટ્રીનિપ્રોલ ૨૦ એસ.સી. ૦.૦૦૬% (૩.૦ મી.લી./૧૦ લી. પાણી) નો છંટકાવ, ગાભમારાની ઈયળ સામે અસરકારક માલુમ પડેલ(૨૦૨૦).

9. ગુજરાતના ચોમાસુ બાજરી ઉગાડતા ખેડુતોને ભલામણ કરવામાં આવે છે કે,સાંઠાની માખી તેમજ ગાભમારાની ઈયળના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે બાજરાના બીજને ઈમિડાક્લોપ્રિડ ૬૦૦ એફ.એસ.(૮.૭૫ મિલી/કિ.ગ્રા.) નો પટ આપવો તેમજ પાકના ઉગાવા પછી ૨૦ અને ૪૦ દિવસે બ્યુવેરીયા બાસીયાના ૧.૧૫ % વે.પા. (ન્યુનતમ ૧ X ૧૦૮ સી.એફ.યુ./ગ્રા), ૦.૦૦૭% (૬૦ ગ્રા/૧૦ લી. પાણીમાં) અથવા પંચગવ્ય ૩% (૩૦૦ મીલી/૧૦ લી. પાણીમાં) ના બે છંટકાવ કરવા.(૨૦૨૨).

10. બાજરીના પાકમાં ગાભમાળાની ઇયાલથી થતું ૫% નુકશાનને તેની ક્ષમ્ય માત્ર ગણવી. (૨૦૨૨)

11. સાંઠાની માખી, ગાભમાળાની ઇયળ અને ડુંડાને નુકશાન કરતી ઈયળના અસરકારક નિયંત્રણ માટે ૧૦% બિયારણનો દર ઉંચો રાખવો, બિયારણને વાવેતર પેહલા ઈમિડાક્લોપ્રિડ ૬૦૦ એફ.એસ.(૮.૭૫ મિલી/કિ.ગ્રા.) અને ફોસ્ફો સોલ્યુબલ જીવાણું (૧ × ૧૦૮ સીએફયુ/મિલી)નો પટ આપી વાવેતર કરવું, વાવેતર વખતે લીંબોળીનો ખોળ ૫૦૦ કિગ્રા/પર હેક્ટર ચાસમાં આપવો, હેકટરે ૧૦ પ્રમાણે મચ્છી ખોરાકના પિંજર મુકવા અને પાકના ઉગાવાના ૩૦ દિવસે અને ડુંડા અવસ્થાએ એજાડીરેક્ટીન ૧૫૦૦ પીપીએમ (૪૦ મિલી/૧૦ લીટર પાણી)ના બે છંટકાવ.(૨૦૨૩)

વનસ્પતિ દેહધર્મવિદ્યા:

1. ઉત્તર સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના ચોમાસું બાજરી ઉગાડતા ખેડૂતોને સારી વાનસ્પતિક વૃદ્ધિ, વધુ ઉત્પાદન અને ચોખી આવક મેળવવા માટે વાવણી બાદ ૩૦-૩૫ અને ૫૦-૫૫ દિવસે પોટેશિયમ ક્લોરાઈડ ૧.૫ ટકા નાં દરે (૭.૫ કી.ગ્રા./હે. ૫૦૦ લીટર પાણીમાં ઓગાળીને) છંટકાવ કરવાની ભલામણ કરવામાં આવે છે. (૨૦૧૭)

2. ઉતર સૌરાષ્ટ્ર ખાતે આબોહવાકિય વિસ્તારના ચોમાસું ઋતુમાં બાજરી ઉગાડતા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે કે બાજરીના પાકમાં કલોરમેક્વેટ ક્લોરાઈડ ૨૫૦ પી.પી.એમ. (૨.૫ મિલી પ્રતિ ૧૦ લીટર પાણી) દ્રાવણનો ફૂટ અવસ્થાએ અને ડુંડા અવસ્થાએ એમ બે છંટકાવ કરવાથી વધુ ઉત્પાદન અને ચોખ્ખી મેળવી શકાય છે. (૨૦૧૯)